ગાંધીનગર સમાચાર

# તમામ ધર્મના સન્માન માટે કેન્દ્ર કટિબદ્ધ : મોદી

**સરકાર ધાર્મિક હિંસાને કોઈપણ કિંમતે ચલાવી લેશે નહીં : સંતોના એક કાર્યક્રમમાં વડાપ્રધાન મોદીએ અંતે મૌન તોડ્યું : અમેરિકી પ્રમુખ બરાક ઓબામાની ટિપ્પણીનો પણ જવાબ : સરકાર કોઈપણ ધાર્મિક સંગઠનને ઉશ્કેરણીજનક કૃત્ય કરવા માટે મંજુરી આપશે નહીં : મોદી**



નવી દિલ્હી,તા. ૧૭

તાજેતરમાં જ દેશમાં કરવામાં આવેલા ચર્ચ પર હુમલાના મામલે ટીકા ટિપ્પણીનો સામનો કરી રહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે આખરે પોતાના વિરોધીઓને જવાબ આપતા કહ્યું હતું કે, તેમની સરકાર કોઈપણ પ્રકારની ધાર્મિક હિંસાને ક્યારેય પણ ચલાવી લેશે નહીં. આવા કૃત્યો કરનાર સામે કઠોર કાર્યવાહી કરવામાં આવશે. મોદીએ કહ્યું હતું કે, તેમની સરકાર કોઈ ધાર્મિક જુથની ખુલ્લી રીતે અથવા તો છુપાઈને કરવામાં આવતી હિંસાને ચલાવી લેવાશે નહીં. દેશભરમાં લવ જેહાદ, ઘર વાપસી અને ધાર્મિક જગ્યા પર હુમલા બાદ વડાપ્રધાન મોદી પર મૌન રહેવાનો આક્ષેપ થઈ રહ્યો હતો. અમેરિકી પ્રમુખ બરાક ઓબામાએ પણ હાલમાં ટિપ્પણી કરીને તમામને ચોંકાવી દીધા હતા. અમેરિકી અખબાર ન્યુયોર્ક ટાઈમ્સે તંત્રી લેખમાં મોદીના મૌનને ખતરનાક તરીકે ગણાવીને ટીકા કરી હતી. મોદીએ સ્પષ્ટતા કરી હતી કે, તેમની સરકારનો ધાર્મિક હિંસાને લઈને એજન્ડા શું છે. આજે દિલ્હીમાં આયોજિત એક કાર્યક્રમમાં મોદીએ કહ્યું હતું કે, બંધારણમાં દરેક ધર્મ માટે સન્માનની બાબત છે. ભારતમાં લોકોને ધાર્મિક વિશ્વાસમાં સંપૂર્ણપણે સ્વતંત્રતા છે. તમામ ધર્મો પ્રત્યે સન્માન રાખવાની બાબત અમારી ઓળખ છે. ગયા વર્ષે વેટીકન શહેરમાં બે ભારતીયોને સંતના દરજ્જા મળ્યા બાદ આયોજિત એક કાર્યક્રમમાં તેઓ વાત કરી રહ્યા હતા. હાલમાં જ પાંચ ચર્ચ ઉપર સતત હુમલાઓ થઈ ચુક્યા છે. ઉપરાંત દિલ્હીમાં ખ્રિસ્તી સ્કુલ પર પણ હુમલો કરાયો હતો. આ અંગે ટિકા ટિપ્પણીનો સામનો કરતાં મોદીએ કહ્યું હતું કે, તેમની સરકાર તમામ ધર્મને એક સમાન સન્માન આપે છે.તેમની સરકાર કોઈપણ ધાર્મિક સંગઠનને બીજા સામે ઘ્રુણા ફેલાવે તે રીતે ચલાવી લેશે નહીં. વિજ્ઞાન ભવનમાં આયોજિત કાર્યક્રમમાં મોદીએ અન્ય તમામ મુદ્દાઓ ઉપર પણ વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, પ્રાચીન ભારતની પરંપરા ખૂબ જ મહાન રહેલી છે. બુદ્ધ અને મહાત્મા ગાંધીનો ઉલ્લેખ કરતાં મોદીએ કહ્યું હતું કે, તમામ ધર્મ માટે એક સમાન આદર ભારતીયના ડીએનએમાં છે. મોદીએ તમામ ધર્મના લોકોને પારસ્પરિક સન્માન અને પ્રાચીન ભારતની પરંપરા સાથે આગળ વધવા અપીલ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, દિલ્હીમાં હાલમાં જ એક સ્કુલમાં હુમલો કરાયો હતો. આ ઉપરાંત પાંચ ચર્ચ ઉપર પણ હુમલા થયા હતા. જેના કારણે મોદી સરકારની ચારેયરબાજુથી ટીકા થઈ રહી હતી. વિરોધપક્ષો પણ મેદાનમાં આવી ગયા હતા. દિલ્હી વિધાનસભાની ચુંટણીમાં હાર બાદ મોદી એક પછી એક ટિકા ટિપ્પણીનો સામનો પણ કરી રહ્યા છે. એકબાજુ સંઘના લોકો પણ મોદી ઉપર આકરા પ્રહારો કરી રહ્યા છે. બીજીબાજુ ખ્રિસ્તી સમુદાયના લોકો પર હુમલાથી તેમની પ્રતિષ્ઠાને મોટો ફટકો પડ્યો છે. ઉલ્લેખનીય છે કે,ઓબામાએ હાલમાં જ કહ્યું હતું કે, ભારતની ધાર્મિક અસહિષ્ણુતાની સ્થિતિ એ છે કે, મહાત્મા ગાંધી જો જીવીત રહ્યા હોત તો સ્તબ્ધ થઈ ગયા હોત.

## પશ્ચિમ બંગાળમાં બીએસએફ જવાન દ્વારા ગોળીબાર : એકનું મોત

**પોતાના જ સાથીઓ ઉપર અંધાધૂંધ ગોળીબાર કર્યો : બીએસએફના ૪ જવાન ઘાયલ થતાં હોસ્પિટલમાં દાખલ કરાયા : ઊંડી ચકાસણી : ગોળીબાર કરનાર જવાન ફરાર**

માલ્દા,તા. ૧૭

પશ્ચિમ બંગાળમાં બીએસએફના એક જવાને પોતાના સાથીઓ ઉપર જ અંધાધૂંધ ગોળીબાર કરી દેતા એકનું મોત થયું છે અને અન્ય ચાર લોકો ઘાયલ થયા છે. બીએસએફના આ જવાને આજે કેમ્પમાં પોતાની સર્વિસ રાઈફલથી ગોળીબાર કર્યો હતો. બીએસએફના માલ્દા સેક્ટરના મહાનિર્દેશક રાજસિંહ રાઠોડે કહ્યું છે કે, ફરાક્કા નજીક ૨૦મી બટાલિયન સાથે જોડાયેલા બીએસએફના જવાનોએ ગોળીબાર કર્યો હતો. જેમાં એકનું મોત થયું હતું. હુમલામાં ઘાયલ થયેલા ચાર અન્ય જવાનોને માલ્દા શહેરની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા છે. અધિકારીઓનું કહેવું છે કે સવારે બીએસએફની ફરાક્કા બટાલિયન કેમ્પમાં કોન્સ્ટેબલ વસંતસિંહ ઉંઘી રહ્યા હતા. એજવેડા તેઓએ સાથીઓ ઉપર ગોળીબાર કરી દીધો હતો. હેડકોન્સ્ટેબલ મૂળચંદનું ઘટના સ્થળે મોત થયું હતું. ઘાયલ થયેલા કોન્સ્ટેબલોની ઓળખ કરી લેવાઈ છે. જેમાં કમાલબાસા, એસકે પ્રભાકર અને સુરેન્દ્રને હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. અધિકારીઓનું કહેવું છે કે, સિંહની ઈન્સાસ રાઈફલમાંથી ગોળીઓ ચાલી હતી. સિંહે આ ગોળીબાર કેમ કર્યો તે અંગે કોઈ માહિતી મળી નથી. તેમાં તપાસ કરવામાં આવી રહી છે. ૩૫ વર્ષીય સિંહ ફરાર થઈ ગયો છે. ઘાયલોને મળવા માટે હોસ્પિટલ પહોંચેલા રાઠોડે કહ્યું હતું કે, તપાસ ચાલી રહી છે. જોકે હજુ સુધી પોલીસમાં કોઈ ફરીયાદ દાખલ કરાઈ નથી.

## બજેટમાં મેક ઈન ઈન્ડિયા, સ્વચ્છ ભારતને ઉચ્ચ પ્રાથમિક્તા

**મોદીની ફ્લેગશીપ સ્કિમોને પ્રોત્સાહન આપવા જાહેરાતો કરાશે : બજેટમાં મેટમાં અને સેઝ માટે ડીડીટીમાં ઘટાડો કરાય તેવી વકી : વડાપ્રધાન મોદીની બે યોજના ડિઝીટલ ઈન્ડિયા, સ્વચ્છ ભારત હજુ લક્ષ્ય કરતા પાછળ**

નવી દિલ્હી,તા. ૧૭

નાણાં મંત્રી અરુણ જેટલી બજેટ રજૂ કરતીવેળા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની કેટલીક ફલેગશીપ સ્કિમોને વેગ આપવા નવી જાહેરાતો કરી શકે છે. મેક ઈન ઈન્ડિયા, સ્વચ્છ ભારત અભિયાન અને સ્માર્ટ સિટીને પ્રોત્સાહન આપવા માટે શ્રેણીબદ્ધ નવી પહેલ કરવામાં આવી શકે છે. સ્વચ્છ ભારત અભિયાનને દેશભરમાં ખૂબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. જેના ભાગરૂપે નવી જોગવાઈ કરવામાં આવી શકે છે. બજેટમાં મેટમાં વધુ ઘટાડો કરવામાં આવે તેવા સંકેત પણ દેખાઈ રહ્યા છે. ઉપરાંત સ્પેશિયલ ઈકોનોમિક ઝોન માટે ડિવીડન્ડ ડિસ્ટ્રીબ્યુશન ટેક્સ (ડીડીટી)માં પણ ઘટાડો કરવામાં આવી શકે છે. સ્થાનિક મેન્યુફેક્ચરીંગને પ્રોત્સાહન આપવા માટે ડ્યુટી માળખાને તર્કસંગત બનાવવામાં આવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. એવું પણ માનવામાં આવે છે કે જેટલી ચારથી પાંચ એવા શહેરોના નામની જાહેરાત કરશે જેમાં શહેરી સ્થાનિક સંસ્થાઓ દ્વારા સ્માર્ટ સિટી પહેલ હેઠળ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસીત કરવા મ્યુનિસિપલ બોન્ડ જારી કરશે. સ્વચ્છ ભારત અભિયાન કાર્યક્રમ અંતર્ગત પણ ખાસ ભાર મુકાશે. આગામી ત્રણ ચાર વર્ષ સુધી સ્વચ્છ ભારત માટે ફંડનો આંકડો ૮૦૦૦૦ કરોડની આસપાસ રહી શકે છે. લોકોને ફાયદો થાય તે દિશામાં પગલા લેવામાં આવી શકે છે. ઉપરાંત પ્રધાનમંત્રી જન ધન યોજના હેઠળ પણ ટાર્ગેટને વધારવામાં આવે તેવી વકી છે. મોદીની બે મહત્વકાંક્ષી યોજના હાલમાં લક્ષ્ય કરતા પાછળ ચાલી રહી છે. દેશને ડિઝીટલ રીતે જોડવા માટે આઈવેઝ બનાવવાની યોજના બની હતી. આ હેઠળ ૨૦૧૪-૧૫માં સરકારને ૫૦હજાર ગામને નેશનલ ઓપ્ટીક ફાઈબર નેટવર્ક સાથે જોડવા માટે ટાર્ગેટ નક્કી



કરાયો હતો. પરંતુ ૧૨ ટકા કામ જ જાન્યુઆરીના અંત સુધી થઈ શક્યુ છે. આવી જ રીતે મોદીના ડ્રિમ પ્રોજેક્ટ સ્વચ્છ ભારત અભિયાન હેઠળ નાણાંકીય વર્ષમાં ૧.૨ કરોડ ટોયલેટ બનાવવાનું કામ પણ પુરુ થાય તેવું દેખાતું નથી. કેરળમાં ઈડુકી એવી જગ્યા છે જ્યાંની ગ્રામ પંચાયતોને સંપૂર્ણરીતે નેશનલ ઓપ્ટિક ફાઈબર એટલે કે એનઓએફએનથી જોડી દેવાયા છે. મોદીને કહેવામાં આવ્યું છે કે, છ હજાર ગ્રામ પંચાયતોમાં ઓપ્ટિક ફાઈબર કેબલ્સ બિછાવી દેવાયા છે. આ સંદર્ભમાં એક નિષ્ણાંત સમિતિની રચના કરાઈ હતી. નાણાકીય વર્ષના બાકીના ગાળામાં ૫૦ હજાર ગ્રામ પંચાયતોને જોડવાની યોજના પુરી થાય તેવી શક્યતા દેખાતી નથી. સ્વચ્છ ભારત અભિયાન હેઠળ જાન્યુઆરીમાં ૭.૧ લાખ ઘરોમાં ટોયલેટ બન્યા હતા. ઓક્ટોબરમાં આ પ્રોજેક્ટ લોન્ચ થયા બાદ કોઈપણ મહિનામાં આ સૌથી ઉંચો આંકડો છે. સરકારી આંકડા મુજબ એપ્રિલ ૨૦૧૪થી જાન્યુઆરી ૨૦૧૫ વચ્ચે ૩૧.૮૩ લાખ ટોયલેટ બ્યા હતા.૨૦૧૪-૧૫ના ટાર્ગેટ કરતાં આ ટાર્ગેટ ૨૫.૪ ટકા છે. આ પ્રોગ્રામ હેઠળ આગામી પાંચ વર્ષમાં બે લાખ કરોડ રૂપિયામાં ૧૨ કરોડ ટોયલેટ બનાવવામાં આવનાર છે. આ વર્ષ માટે આંતરીક ટાર્ગેટ ૫૦ લાખ છે. મંત્રાલય આ ટાર્ગેટને હાંસલ કરવાના પ્રયાસમાં છે.

## પાકિસ્તાનમાં પોલીસ લાઈન પર આત્મઘાતી હુમલો

**આત્મઘાતી હુમલાથી ભારે અંધાધુંધી ફેલાઈ : પાકિસ્તાન તાલિબાન દ્વારા કરાયેલા હુમલામાં ૮ના મોત, અનેક લોકો ઘાયલ : મજબુત સુરક્ષા : એલર્ટની જાહેરાત**

લાહોર,તા. ૧૭

પાકિસ્તાનમાં રક્તપાતનો દોર આજે પણ જારી રહ્યો હતો. પાકિસ્તાન પોલીસ ક્ષેત્રીય હેડક્વાર્ટર ઉપર



આત્મઘાતી હુમલો કરવામાં આવ્યો હતો. પોલીસ લાઈનમાં કરવામાં આવેલા આ આત્મઘાતી હુમલામાં આઠ લોકોના મોત થયા છે અને મોટી સંખ્યામાં લોકો ઘાયલ થયા છે. પાકિસ્તાની તાલિબાન દ્વારા હુમલાની જવાબદારી સ્વિકારી લેવામાં આવી છે. સ્થાનિક પાકિસ્તાની મિડીયા અહેવાલમાં જણાવાયું છે કે, લાહોરના કિલ્લા ગુજરસિંહ વિસ્તારમાં આ હુમલો કરાયો હતો. તે વખતે આત્મઘાતી બોંબરે પોલીસ લાઈનની ગેટ ઉપર બ્લાસ્ટ કરી દીધો હતો. જેના કારણે નજીક પાર્ક કરવામાં આવેલી ઘણી કારમાં આગ લાગી ગઈ હતી. બ્લાસ્ટની તીવ્રતા એટલી મજબુત હતી કે, આના કારણે નજીકમાં આવેલી ઈમારતોના કાચ તુટી ગયા હતા. સાક્ષીઓએ સ્થાનિક મીડિયા ચેનલોને કહ્યું હતું કે, બ્લાસ્ટ બાદ ગોળીબારનો અવાજ પણ સંભળાયો હતો. જોકે, પાકિસ્તાની અખબાર ડોને કહ્યું છે કે, સુરક્ષા સંસ્થાઓ દ્વારા જ ગોળીબાર કરાયો હતો. આ વિસ્તારમાં આવેલી હોસ્પિટલમાં હાઈએલર્ટની જાહેરાત કરાઈ હતી. ઈજાગ્રસ્તોને માયો હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. આ ઉપરાંત સરગંગારામ હોસ્પિટલમાં પણ કેટલાક લોકોને ખસેડાયા હતા. અહેવાલમાં જણાવાયું છે કે, હુમલો કરવામાં આવ્યા બાદ ભારે અંધાધુંધી ફેલાઈ ગઈ હતી. આ હુમલો ખૂબ જ વસ્તી ધરાવનાર વિસ્તારમાં થયો હતો. કારણકે, નજીકમાં પાકિસ્તાની રેલવે, પાકિસ્તાન બ્રોડકાસ્ટિંગ કોર્પોરેશનની ઓફિસ, બીબી પાક દમન ધાર્મિક સ્થળ અને કેટલીક સ્કુલો અને કોલેજો પણ આવેલી છે.

મોટી સરકારી ઓફિસો પણ અહીં આવેલી છે. પાકિસ્તાનના પ્રમુખ હુસૈન અને વડાપ્રધાન શરીફે બ્લાસ્ટને વખોડી કાઢીને ઈજાગ્રસ્તોને સંભવિત તમામ તબીબી સારવાર ઉપલબ્ધ કરાવવા આદેશ કર્યો છે. આ હુમલાની જવાબદારી તહરીક-એ-તાલીબાન પાકિસ્તાન દ્વારા કરવામાં આવી છે.

### નવાં કલેવર (ચોથા પાનાનું ચાલું...)

દિવસ વિનંતી કરતા વીતી ગયો ત્યારે નાથુ કોઈ સન્યાસીની જેમ ધ્યાનાસ્થ થઈ ગયો.

મંદિરના ખુલ્લા પ્રાંગણમાં ધગધગતી લૂ વાતી હતી તેમાં તેનાં અંગ અંગ દાખવા લાગ્યા.

એક દિવસ વિત્યો... બીજો દિવસ... પણ નાથુંનું ધ્યાન ભંગ ન થયું. આંખો ખુલી નહીં. મનમાં બસ એક જ ગુંજન થતું હતું પ્રભુ સૌનું કષ્ટ હરો...

બધા ઝાડ જાણે કે સ્તબ્ધ ઊભા હતા. પાંદડાં પણ હસતાં બંધ થઈ ગયા હતા. પંખીઓ બધા ચૂપચાપ ડાળો પર બેઠા હતા. કોઈ ચણ પણ શોધતા ન હતા.

આખું ગામ મંદિરની આજુબાજુ ભેગું થઈ ગયું. બધા જોઈ રહ્યા. કોઈનામાં તાકાત નહોતી કે સમજણ પણ નહોતી કે હવે શું કરવું.

નાથુના શરીરની સહનશક્તિની પણ એક હદ હતી. અન્ન-પાણી વિના તેના હાથ પગ ઢીલા પડી ગયા હતા. હવે માંડ માંડ પણ બેસી નહીં શકતા ઢળી પડ્યો છતાં તેના હોઠે તો એ જ શબ્દો હતા પ્રભુ સૌનું કષ્ટ હરો..

તેના શ્વાસ તૂટવા લાગ્યા. બધા ને ખબર પડી ગઈ કે નાથુ હવે બહુ થોડા દિવસનો મહેમાન છે.

જે સહૃદય માણસો હતા તેમનાથી નાથુની આ હાલત જોવાતી ન હતી. એમ લાગતું હતું કે નાથુનો અવાજ ઈશ્વર પાસે પહોંચી શકતો નથી. ત્યાં અચાનક લોકોએ અનુભવ્યું કે ઝાડની ડાળીઓ પરથી આંસુ જેવું કંઈક ટપકવા લાગ્યું. સૌ આશ્ચર્યથી જોઈ રહ્યાં. હાં વૃક્ષો રડતા હતા. તેમની સાથે સાથે પંખીઓ પણ ચીં... ચીં.. કરીને રડવા લાગ્યા.

નાથુની નાડી બંધ થવાની જ હતી. ત્યાં અચાનક કોણ જાણે કયાંથી વાદળો ઉમટી આવ્યાં. મંદિરની ઉપરનું આકાશ ઘેરાઈ ગયું. અને ઝરમર ઝરમર વરસાદ વરસવા લાગ્યો. બધાં વૃક્ષો ને છોડવા ઝુમી ઉઠ્યા. પક્ષીઓ ખુશીમાં માર્યા કલરવવા લાગ્યા. લોકોએ આશ્ચર્યથી જોયું કે વરસાદ ફક્ત મંદિર પર જ વરસી રહ્યો હતો. બાકીનું આખું ગામ સુક્કું હતું. નાથુના મોં પર વરસાદના ટીપા પડ્યાં અને તેને નવું જીવન મળ્યું.

તેણે આંખો ખોલી, ધીરે ધીરે બેઠો થઈ ભીંજાતાં મહામહેનતે ઝાડોની પાસે પહોંચ્યો. તેના થડને થપથપાવીને કહેવા લાગ્યો. જુઓ મેં કહેલું ને કે ભગવાન દયાળું છે. વરસાદ પડશે. માટી વાત સાચીને...


(સંપૂર્ણ)

## કોન્ટ્રાક્ટ પર રહેલા કર્મચારીઓ માટે મહત્વપૂર્ણ આદેશ જારી

**કોન્ટ્રાક્ટ પર રહેલા કર્મીઓને કાઢી શકાશે નહીં : દિલ્હીમાં એએપી સરકારે ચુંટણી વચન પાળ્યું : મુખ્યમંત્રી કેજરીવાલના નેતૃત્વમાં ઉચ્ચસ્તરીય બેઠકમાં કરાયેલા નિર્ણયથી એક લાખ કર્મીને સીધો જ લાભ થશે**

નવી દિલ્હી,તા. ૧૭

દિલ્હીમાં પ્રચંડ બહુમતી સાથે જીત મેળવ્યા બાદ સત્તા પર આવેલી એએપી સરકારે ચુંટણી વચનનું પાલન કરીને કોન્ટ્રાક્ટ પર રહેલા કર્મચારીઓને દૂર કરવાને લઈને નવો આદેશ જારી કર્યો છે અને તેમને કાઢી મુકવા ઉપર બ્રેક મોકી દીધો છે. એએપી સરકારે આજે કોઈપણ કોન્ટ્રાક્ટ કર્મચારીને એ વખત સુધી કાઢી શકાશે નહીં જ્યાં સુધી સમગ્ર મામલામાં તપાસ પૂરી થઈ શકશે નહીં તેવો આદેશ જારી કર્યો હતો. આ હિલચાલથી એક લાખથી વધુ કર્મચારીઓને સીધો ફાયદો થઈ શકે છે. મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના નેતૃત્વમાં ઉચ્ચસ્તરીય બેઠકમાં આ નિર્ણય લેવાયો હતો. એક લાખ કર્મચારીઓમાં જુદા-જુદા દિલ્હી સરકારના વિભાગો અને સંસ્થાઓમાં કોન્ટ્રાક્ટની સ્કિમ હેઠળ કામ કરતા તબીબો, નર્સ, શિક્ષકો અને સેનિટેશન સ્ટાફનો સમાવેશ થાય છે. જુદા જુદા વિભાગોને જારી કરવામાં આવેલા ટૂંકા આદેશમાં કહેવાયું છે કે, કોઈપણ કોન્ટ્રાક્ટ કર્મચારીની સેવાને બંધ કરી શકાશે નહીં. નવા આદેશ જારી ન કરાય ત્યાં સુધી તેમને કાઢી શકાશે નહીં. જે કોન્ટ્રાક્ટ કર્મચારીની અવધિ પુરી થવામાં આવી છે. તેને પણ ફાયદો થશે. કારણકે, તેમને પણ સર્વિસમાં ચાલુ રાખવામાં આવશે.



કોન્ટ્રાક્ટ પર રહેલા કર્મચારીઓના મુદ્દાની સંપૂર્ણ સમીક્ષા કરવામાં આવી રહી છે. ત્યારબાદ નવી પોલીસી તૈયાર કરાશે. છેલ્લા થોડાક વર્ષોમાં શિક્ષણ, પીડબલ્યુડી, આરોગ્ય, પરિવાર કલ્યાણ, મહિલા અને બાળ વિકાસ સહિતના જુદા જુદા વિભાગોમાં કોન્ટ્રાક્ટ સ્કિમ હેઠળ કર્મચારીઓની ભરતી કરવામાં આવી છે. ચુંટણી વચનમાં એએપીએ જુદા જુદા વિભાગોમાં કોન્ટ્રાક્ટ પર રહેલા કર્મચારીઓને નિયમિત કરવાનું વચન આપ્યું હતું.

## જેડીયુમાં ભંગાણ પાડવા પ્રયાસો જારી છે : નિતિશ

નવી દિલ્હી,તા. ૧૭

જનતાદળ યુનાઈટેડના નેતા નિતિશકુમારે આજે કબુલાત કરી હતી કે, બિહારના મુખ્યમંત્રી તરીકે જીતનરામ માંઝીની નિમણૂંક કરવાની બાબત ભૂલભરેલી હતી. એક મુલાકાતમાં નિતિશકુમારે આ મુજબની વાત કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, બિહારમાં લોકસભાની ચુંટણીમાં કારમી હાર થયા બાદ નિતિશકુમારે નૈતિક જવાબદારી સ્વિકારી લઈને મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યું હતું. લોકસભાની ચુંટણી મે મહિનામાં યોજાઈ હતી. આ ચુંટણીમાં જેડીયુની ખૂબ જ ખરાબ હાર થઈ હતી. નિતિશે કહ્યું છે કે, માંઝીને મુખ્યમંત્રી બનાવવાની બાબત મોટી ભૂલ હતી. તેમને લઈને હવે વિવાદો સપાટી પર આવ્યા છે. જેથી માંઝીને રાજીનામું આપવા કહેવામાં આવ્યું છે. તેમણે કહ્યું હતું કે, તમામ લોકો ભૂલ કરે છે પરંતુ ભૂલને સુધારવાની બાબત મહત્વપૂર્ણ રહે છે. માંઝીને ટેકો આપવા બદલ નિતિશકુમારે ભાજપની જોરદાર ઝાટકણી કાઢી હતી. એક વખતે માંઝીની ટીકા કરનાર ભાજપ દ્વારા હવે તેમને ટેકો આપવામાં આવી રહ્યો છે. જનતાદળ યુનાઈટેડ દ્વારા જનતા પરિવારના પ્રયાસ થઈ રહ્યા છે ત્યારે માંઝી ભાજપ સાથે હાથ મિલાવવાના પ્રયાસમાં છે. જેડીયુમાં ભંગાણ પાડવાના પ્રયાસ ભાજપ દ્વારા કરાઈ રહ્યા છે. ઝારખંડમાં જેવીએમમાં ભાજપે ભાગલા પડાવી દીધા છે. કેન્દ્રમાં ભાજપના નેતાઓ અહંકારી થઈ ગયા છે. કોર્પોરેટ માટે તેઓ કામ કરી રહ્યા છે. શિવસેના અને અકાળી દળ સાથે પણ તેમના સંબંધો સારા રહ્યા નથી.

### સમાચાર ઝલક

- થરાદમાં શિક્ષકો દ્વારા વિદ્યાર્થીને મારપીટ કરતાં વિદ્યાર્થીએ આત્મહત્યા કરી.
- મહેસાણા-કડી વચ્ચે ક્રુડની પાઇપલાઇન ફાટતાં ફુવારા ઉડ્યા.
- મધ્યપ્રદેશમાં બસ ખીણમાં ગબડતાં ૧૦નાં મૃત્યુ.
- મધ્યપ્રદેશમાં વ્યાપમ ગોટાળો ફરી પાછો ગરમાયો.
- દેશભરમાં સ્વાઇન ફ્લૂનો કહેર યથાવત, અત્યાર સુધીમાં ૬૦૦ જિંદગીઓ ભરખી ગયો.
- દિલ્હીમાં ૫૦% વીજળીમાં રાહત આપતી કેજરીવાલ સરકાર.
- ઇરાકમાં આતંકવાદીઓ બેંક શરૂ કરી.
- અમેરિકામાં હિંદુ મંદિર પર હુમલો, 'ગેટ આઉટ' સ્પ્રે દ્વારા મંદિરની દિવાલ પર લખ્યું.
- ટ્વિટર પર હિન્દી ભાષાનો ઉપયોગ કરી શકાય.
- જાપાનમાં ૬.૯ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો, ત્સુનામી એલર્ટ અપાયું.
- મહાશિવરાત્રી પર્વ નિમિત્તે ઉજ્જૈનમાં ભસ્મ આરતીમાં શ્રદ્ધાળુઓનો માનવ મહેરામણ ઉભરાયો.

## ભારત-પાકિસ્તાન મેચનો ડિઝીટલ વ્યુમાં રેકોર્ડ

**ડિઝીટલ પ્લેટફોર્મ ઉપર ૨૫ મિલિયન વ્યુ : સ્ટાર ઈન્ડિયા દ્વારા જાહેરાત થઈ : હોટસ્ટાર અને સ્ટાર સ્પોર્ટ્સ ઉપર ૧૦-૧૨ મિનિટના સરેરાશ અંતરે જ વ્યુ**

નવી દિલ્હી,તા. ૧૭

એડિલેડમાં આઈસીસી વર્લ્ડકપની ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચે પણ ડિઝીટલની દૃષ્ટિએ નવો ઈતિહાસ સર્જી દીધો છે. વર્લ્ડકપની આ મેચ ડિઝીટલ પ્લેટફોર્મ ઉપર ૨૫ મિલીયન લોકોએ નિહાળી હતી. જે એક નવો રેકોર્ડ છે. વિશ્વભરમાં કોઈપણ સ્પોર્ટિંગ ઈવેન્ટ કરતા ભારતમાં ડિઝીટલ પ્લેટફોર્મ ઉપર આ મેચને વધારે નિહાળવામાં આવી છે. સ્ટાર ઈન્ડિયાના આંકડામાં આ મુજબની વાત કરાઈ છે. આઈસીસી વર્લ્ડકપના ઓફિસીયલ બ્રોડકાસ્ટર તરીકે સ્ટાર ઈન્ડિયા છે. સ્ટાર ઈન્ડિયાના ચીફ ઓપરેટિંગ ઓફિસર સંજય ગુપ્તાનું કહેવું છે કે, અમારા ડિઝીટલ પ્લેટફોર્મ હોટસ્ટાર અને સ્ટારસ્પોર્ટ્સ ઉપર ૨૫ મિલીયન વ્યુ મળ્યા છે જે ૧૦થી ૧૨ મિનિટના સરેરાશ અંતર સાથે છે. કોઈપણ એક મેચ માટે ડિઝીટલ પ્લેટફોર્મ ઉપર આટલી મોટી સંખ્યામાં વ્યુ મળ્યા નથી. અમેરિકામાં સુપર બોલ દરમિયાન પણ આટલો આંકડો પહોંચતો નથી. સ્ટાર ઈન્ડિયાએ પ્રથમ વખત છ ભાષામાં આઈસીસી વર્લ્ડકપની મેચનું પ્રસારણ કર્યું હતું. જેમાં અંગ્રેજી, હિન્દી, બંગાળી, તમિલ, કન્નડ અને મલીયાલમનો સમાવેશ થાય છે. બ્રોડકાસ્ટરને પ્રવાહના આધાર ઉપર ૪૦-૪૫ ટકા વ્યુઅરશીપ મળે છે. અંગ્રેજી ભાષામાં વ્યુઅરશીપ ૨૫ ટકા જોવા મળી છે. થોડાક વર્ષ અગાઉ સ્પોર્ટ્સ બ્રોડકાસ્ટીંગની બાબત અંગ્રેજી સુધી મર્યાદીત હતી. પરંતુ માર્કેટ ક્ષેત્રીય ભાષામાં પ્રવેશ કરતા ચિત્ર બદલાયું છે. આ વર્ષે આંકડા પણ નવા રહ્યા છે.

સ્ટાર ઈન્ડિયાનું કહેવું છે કે, ડિઝીટલ પ્લેટફોર્મ ઉપર ભારત-પાકિસ્તાન મેચ માટે વીડિયો વ્યુની સંખ્યા પણ ખૂબ ઉંચી રહી છે. ટિલીવિઝનથી મોબાઈલ ડિવાઈસ અને કોમ્પ્યુટરથી ક્રિકેટ વ્યુઅરશીપની સ્થિતિ બદલાઈ છે. ટેલીવિઝન ઉપર ૪૦-૪૫ મિલીયન વ્યુઅર્સ ખેંચાયા છે. ૪જી એલટીઈનું આકર્ષણ જોવા મળી રહ્યું છે. હોટ સ્ટાર જે સ્ટાર ચેનલ ઉપર તમામ કાર્યક્રમનો દર્શાવશે તે ફ્રિમાં ઉપલબ્ધ છે. ભારત-પાકિસ્તાન વચ્ચેની મેચ ૧૫મી ફેબ્રુઆરીના દિવસે રમાઈ હતી.